ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૯૨ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં અસહ્ય ઉકળાટ બાદ વરસાદી માહોલ

બપોર સુધી આકરો બફારો રહ્યા બાદ સાંજે વરસાદી માહોલ

ગાંધીનગર, તા.૧૧

અસહ્ય ઉકળાટ બાદ આજે ગાંધીનગરમાં પુનઃ વરસાદી માહોલ છવાયો હતો. બપોર બાદ ગાજવીજ સાથે વરસાદ પડતાં ઠંડક છવાઈ હતી.

ઉનાળા જેવી આકરી ગરમી બાદ આખરે બપોરબાદ શહેરના આકાશમાં વાદળો ઉમટી આવ્યા હતા અને ધીમી ધારે વરસાદ શરૂ થતા ગરમીથી થોડીક રાહત મળી હતી. ગયા અઠવાડિયાથી શહેરમાં વરસાદ બંધ થઈ ગયો છે અને ઉઘાડ નીકળ્યો છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી તો તડકો પણ ખુબ આકરો પડે છે. વાદળોની ગેરહાજરીમાં આકરો તડકો અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેતા ભારે ઉકળાટ અને ગરમી પડી રહી હતી. ઉનાળામાં હોય તેવી આકરી ગરમી પડતાં વસાહતીઓ રીતસર ત્રાસી ગયા હતા.

ગરમીની સાથે સાથે બફારાએ કહેર મચાવ્યો હતો. બફારાથી રાહત મેળવવા એ.સી. પુનઃ ચલાવવા પડયા હતા. આજે પણ સવારથી જ આકરી ગરમી અને બફારો રહ્યા બાદ બપોર બાદ અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને આકાશમાં વાદળો ઘેરાવા માંડયા હતા. સાંજ પડતાં જ વાદળો વધુ ઘેરા બનતાની સાથે વીજળીના કડાકા થવા માંડયા હતા. વીજળીના કડાકા અને વાદળોના ગડગડાટ સાથે ઓફિસો છૂટવાના સમયે જ વરસાદ તુટી પડયો હતો. જેના કારણે કર્મચારીઓ અટવાયા હતા. મોડી સાંજ સુધી કયાંક ધીમી ધારે તો કયાંક જોરદાર ઝાપટાં પડયા હતા. જેના કારણે શહેરમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. આકરી ગરમી બાદ વરસાદી ઝાપટા પડતાં વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. વરસાદી વાતાવરણ હજુ બે ત્રણ દિવસ રહેશે એવી આગાહી હવામાન વિભાગે કરી છે.

વાહનચાલકોને ટ્રાફિક નિયમોની જાગૃતિ આપતી ટી શર્ટ-પેન અપાઈ

ગાંધીનગર, તા.૧૧

વાહન ઉપર સવાર વાહનચાલકો હેલ્મેટ પહેરતા ન હોવાથી અકસ્માતમાં માથાના ભાગે ઈજા થવાથી મૃત્યુ નિપજે છે અને ગંભીર ઈજાઓ થાય છે ત્યારે રાજયભરમાં માર્ગ સલામતી જોખમાય નહિ તેના માટે ટુ-વ્હીલર ચાલકોની સલામતી માટે હેલ્મેટ ડ્રાઈવ ચાલી રહી છે ત્યારે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર ટ્રાફિક પોલીસ દ્વારા ગાંધીનગર શહેર વિસ્તાર અને જિલ્લાના હાઈ-વે માર્ગ પર ટુ વ્હીલર ચાલકો હેલ્મેટ પહેરે અને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવામાં આવે તે માટે કાર્યવાહી કરવામાં આવી છે. હેલ્મેટ દંડનીય કાર્યવાહીથી બચવા માટે નહી પરંતુ આપણી સલામતી માટે પહેરવું જોઈએ તેની સમજ ટ્રાફિક પોલીસના કર્મચારીઓ દ્વારા વાહનચાલકોને આપવામાં આવી હતી જયારે પોલીસે હેલ્મેટ પહેરેલા ચાલકોને ટ્રાફિક નિયમન જાગૃતિ આપતી ટી શર્ટ અને પેન આપી હતી. ઉપરાંત ઈ ચલણ ભરવા આવતા નાગરિકોને પણ ટ્રાફિક નિયમનું પાલન કરવાની સમજણ આપી પેન આપવામાં આવી હતી. ગાંધીનગર ટ્રાફિક પી.આઈ. એમ.આર. પુવારે નાગરિકોને હેલ્મેટ પહેરી સલામત રહેવા તેમજ ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે નમ્ર અપીલ કરી છે.

ગાંધીનગર સિવિલના તબીબોને ડેપ્યુટેશન પર સુરત, રાજકોટ મોકલવાની ચાલી રહેલી હિલચાલ

ગાંધીનગર, તા.૧૧

રાજયમાં કોરોનાના સંક્રમિતોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. કોરોના ધીમે ધીમે અજગરી ભરડો લેતો હોય તેમ લાગી રહ્યું છે. રાજયના પાટનગર ગાંધીનગર અને જિલ્લામાં કોરોનાના દર્દીઓમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર કોવિડ હોસ્પિટલમાં અત્યારે હાલની પરિસ્થિતિએ ૨૦૦થી વધુ એકટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. રાજયના આરોગ્ય વિભાગની ગણતરીના મીનીટે દુર આવેલી ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ડોકટર અને પેરામેડીકલ સ્ટાફની અછત વર્તાઈ રહી છે ત્યારે આવી પરિસ્થિતિ વચ્ચે ગાંધીનગરથી વધુ ડોકટરો અને સ્ટાફ નર્સને ડેપ્યુટેશન પર રાજકોટ અને સુરત મોકલવાની ગતિવિધિ ચાલી રહી છે. જેની સામે ગાંધીનગરના ડોકટરો અને પેરામેડીકલ સ્ટાફમાં રોષ ભભુકી ઉઠયો છે. આવી સ્થિતિ વચ્ચે ગાંધીનગર સિવિલને ડોકટર્સ તથા અન્ય સ્ટાફ આપવામાં આવે તો તબીબો પરથી કામગીરીનું ભારણ ઓછું રહે અને સારવાર લઈ રહેલા કોવીડ દર્દીઓને પણ યોગ્ય ઝડપી સારવાર મળી રહે.

કરાઈથી કોરોનાના દર્દીઓને ગાંધીનગર સિવિલમાં લાવવાની વાત ચાલી રહી છે ત્યારે સિવિલમાં કરાઈથી આવનારા દર્દીઓ માટે પાંચમા માળે અલાયદી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૦ દિવસમાં પચ્ચીસ જેટલા મૃત્યુ થયા હોવાનું સામે આવ્યું છે ત્યારે તેની અવગણના કરીને સુરત અને રાજકોટમાં વધી રહેલા કેસ તેમજ મૃત્યુની સંખ્યા પર જ નજર છે. જયારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલની ઉપેક્ષા કરવામાં આવશે તો રાજકોટ અને સુરત જેવી પરિસ્થિતિ ગાંધીનગરમાં પણ સર્જાય તો નવાઈ નહી. રાજયના આરોગ્ય વિભાગે ગાંધીનગરની હોસ્પિટલમાં ૨૦૦થી વધુ સારવાર મેળવી રહેલા કોવીડ દર્દીઓ અને આગામી સમયમાં આવનાર દર્દીઓને ધ્યાનમાં રાખીને ડોકટર્સ સહિત અન્ય સ્ટાફ વધુ મુકવા જોઈએ તેના બદલે ગાંધીનગરથી ગાંધીનગર મેડીસીન વિભાગના ડોકટરોને રોજકોટ, સુરત મુકવાની હિલચાલ ચાલી રહી છે જેને લઈ હોસ્પિટલના ડોકટર્સ અને નર્સીંગ સ્ટાફમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

શિવરંજની દ્વારા છેલ છબીલો ગુજરાતી ઓનલાઈન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

નગરની શિવરંજની સંસ્થા દ્વારા કોરોનાને ધ્યાનમાં લઈ ઓનલાઈન કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮.૩૦ વાગ્યે પ્રસિધ્ધ ગાયક કલાકારોનો લોકપ્રિય અને ઝમકદાર ગુજરાતી ગીતોનો કાર્યક્રમ છેલ છબીલો ગુજરાતી ઓનલાઈન જલસો યોજાનાર છે. આ કાર્યક્રમ સંજય ઓઝા અને પાર્થ ઓઝા બંને કલાકારો દ્વારા યુએસએની સહયોગી સંસ્થા **saaz** (ઈન્ડિયન મ્યુઝિક એન્ડ એન્ટરટેઈનમેન્ટ સાથે જોડાઈને યોજાશે. સંસ્થાના પ્રમુખ વાગ્મિન બૂચ દ્વારા જણાવાયું છે કે શિવરંજની સંસ્થાના તમામ સભ્યો અને રસ ધરાવનાર નગરજનો માટે આ કાર્યક્રમની લીંક **https://www.facebook.com/shivranjaniGNR/live** છે.

પીડીપીયુ માર્ગ પર ચાની કીટલી પાસે સામાન્ય બાબતે મારામારી

ગાંધીનગર, તા.૧૧

પીડીપીયુ માર્ગ પર બિઝનેસ પાર્કની સામે ચાની કીટલી પાસે સામાન્ય બાબતે મારામારીની ઘટના બની છે. જેમાં ચાની કીટલી ચલાવતા આધેડ પર કોબા ગામના ચાર ઈસમોએ ગાળાગાળી કરી માર માર્યો હતો. આધેડને પગે તેમજ શરીરે ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ જુના કોબા ગામે રહેતા ભીખાજી ઠાકોર (ઉ.વ. ૬૦) ચાની કીટલી ચલાવે છે. બપોરના સમયે તેઓ અને તેમના પત્ની કીટલી પર હાજર હતા ત્યારે ગામનો અરજણ ઉર્ફે ગટુ ભીખાભાઈ રાવલ આવ્યો હતો તેને છેલ્લા ૩ દિવસથી આંટા ફેરા મારવા અંગે પુછતાછ કરતા તે ગુસ્સો થઈ ગયો હતો. તેણે ફોન કરી દિકરા અંકિત અને પરિવારના જયેશ રાવળ અને જીગર રાવળને બોલાવ્યા હતા. ત્યારબાદ ચાર જણાએ એકઠા થઈ હુમલો કર્યો હતો. જેમાં અંકિતે હાથમાં રહેલી દાંતિ ફરિયાદીના પગમાં મારી હતી. આ સમયે તેમના પત્નીએ વચ્ચે પડીને ફરિયાદીને છોડાવ્યા હતા. જેને પગલે ચારેય ઈસમોએ તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. ઈજાગ્રસ્તને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા જયાં પગે ફ્રેકચર થયાનું નિદાન થયું છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

સચિવાલયના આયુર્વેદીક દવાખાનામાં એસીડીટીની દવાનો અભાવ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સરકાર દ્વારા લોકોની સુખાકારી માટે એલોપથી દવાને બદલે રોગને જડમૂળથી નાબુદ કરી શકાય તે માટે ગાંધીનગર સહીત દરેક શહેરોમાં આયુર્વેદીક દવાખાના તથા હોસ્પિટલો ખોલવામાં આવી છે. પાટનગરમાં સેકટર-૨૨ માં આયુર્વેદ હોસ્પીટલ તથા સેકટર-૭ તથા નવા સચિવાલયમાં સરકારી આયુર્વેદીક દવાખાનું શરુ કરવામાં આવ્યું છે.

આયુર્વેદની દૃષ્ટિએ ભાદરવો મહીનો એ પિત્ત પ્રકોપનો માસ ગણાય છે. ચોમાસાની ઋતુમાં પિત્ત પ્રકોપ થવાથી મોટા ભાગના લોકોને એસીડીટીની તકલીફ રહેતી હોય છે. તેમાંયે ભાદરવો મહીનો એ રોગોનો મહીનો ગણાય છે. આવા સમયે એસીડીટીના દર્દીઓ આયુર્વેદ તરફ વળે તે સ્વાભાવિક જ છે. ત્યારે ભાદરવા માસમાં જ નવા સચિવાલયના સરકારી આયુર્વેદીક દવાખાનામાં પિત્ત પ્રકોપ માટે વપરાતાં આયુર્વેદીક ચૂર્ણની અછત ઉભી થઈ છે. ઉચ્ચ અધિકારીઓને પડીકા ભરીને લાઈનમાં ઉભા રહ્યા વગર આ ચૂર્ણ મળી રહે છે, પરંતુ નાના કર્મચારીઓને એસીડીટીના ચૂર્ણ માટે હાલ સ્ટોકમાં નથી તેવો ઉધ્ધત જવાબ આપવામાં આવતાં નાના કર્મચારીઓમાં રોષની લાગણી જન્મી છે.

પેરોલ જમ્પ કરી નાસતા ફરતા આરોપીને એલસીબી-૨ એ ઝડપી સાબરમતી જેલ મોકલ્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના ડભોડા પોલીસ મથકના ગુનામાં પાકા કામની સજા હેઠળ પેરોલ જમ્પ કરી અઢી માસથી નાસતા ફરતા આરોપીને એલસીબી-૨ પોલીસે દબોચી લીધો છે. પાકા કામનો કેદી હોવાથી કાયેદસરની કાર્યવાહી કરી સાબરમતી જેલ ખાતે મોકલી આપ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ એલસીબી-૨ પી.આઈ.એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી. જાડેજા અને પી.એસ.આઈ. પી.ડી. વાઘેલા ટીમના સભ્યો સાથે ડભોડા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હ્યુમન સોર્સીસથી મળેલી બાતમીને પગલે આરોપી ભીખાજી બળદેવજી બિહોલાને (રહે. રતનપુર તા. જી. ગાંધીનગર) ઝડપી પાડયો હતો. પોલીસે આરોપીની પુછપરછ કરતા ડભોડા પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં બે વર્ષની કેદની સજા થઈ છે તેમજ આરોપી ૫૦ દિવસના પેરોલ રજા ઉપર છટો થયો હતો. ગત તા. ૨૬-૯-૨૦ના રોજ આરોપીને સાબરમતિ જેલ જવાનું હતું પરંતુ આરોપી અઢી માસથી હાજર થયો ન હતો અને પેરોલ જમ્પ કરી નાસતો ફરતો હતો. પાકા કામનો કેદી હોવાથી તેની સામે કાર્યવાહી કરી પરત સાબરમતી જેલ મોકલી આપ્યો હતો.

મંગળવારથી વાવોલ ખાતે 'હેપ્પી જીવન યોગ સેમિનાર'નું આયોજન

ગાંધીનગર, તા.૧૧

હેપ્પી યૂથ કલબ દ્વારા આગામી તા. ૧૫મી સપ્ટેમ્બર મંગળવારથી તા. ૨૬મી સપ્ટેમ્બર શનિવાર સુધી દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૩૦ કલાક દરમ્યાન વાવોલમાં શ્રી એમ.બી.પટેલ હાઈસ્કૂલના પ્રાર્થના હૉલ ખાતે વિના મૂલ્યે 'હેપ્પી જીવન યોગ સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ સેમિનારમાં ગાંધીનગરના યોગસેવક વિરમભાઈ વિના મૂલ્યે યોગ-પ્રાણાયામ નિદર્શનની સેવા પૂરી પાડશે. 'હેપ્પી જીવન યોગ સેમિનાર'માં ૧૫ વર્ષ થી ૬૦ વર્ષની વય મર્યાદા ધરાવતા યોગાર્થીઓને નિયત મર્યાદિત સંખ્યામાં વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરીને જ પ્રવેશ આપવામાં આવશે.

'હેપ્પી જીવન યોગ સેમિનાર' દરમ્યાન યોગ-પ્રાણાયામ ઉપરાંત હોમિયોપેથી-આયુર્વેદ જેવા ઉપયોગી વિષયો પર વિવિધ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે. આ 'જીવન યોગ સેમિનાર'માં ભાગ લેનારને પૂરતી યોગ્ય સુવિધા પૂરી પાડી શકાય તે માટે પોતાના નામની મોબાઈલ નંબર ૯૪૨૭૬૩૪૮૫૭ પર પોતાનનું નામ-વય-વિસ્તાર લખી મેસેજ કરી નોંધણી કરાવવી જરૂરી છે. કોરોના મહામારીમાં રોગપ્રતિકારક શક્તિ વધે તે હેતુ કરવામાં આવેલા આયોજનમાં યોગાર્થીઓએ ફરજિયાત કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવા સાથે સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું રહેશે અને યોગ-પ્રાણાયામ માટે પોતાનું સ્થાન લેતા પહેલા અને યોગ-પ્રાણાયામ પત્યા પછી ફરજિયાત માસ્ક પહેરેલું રખવાનું રહેશે તેમજ દરેક યોગાર્થીએ પોતાનું પાથરણું સાથે લઈ આવવા અને સોશિયલ ડિસ્ટન્સ સાથે પહેલા દિવસે નિયત થયેલ પોતાની જગ્યા પર જ બાકીના તમામ દિવસો દરમ્યાન સમયસર આવી સ્થાન મેળવવાનું રહેશે તેવું આયોજકોએ જણાવ્યું છે.

આજે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ પ્રેરીત 'આનંદની દિવાલ' અને 'તરતું પુસ્તકાલય'નું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૧

વાવોલમાં છેલ્લાં ત્રણેક વર્ષથી સમગ્ર વાવોલ વિસ્તારના વિવિધ પ્રશ્નો માટે હકારાત્મક અભિગમ સાથે ઉકેલવા પ્રયાસ ઉપરાંત રચનાત્મક પ્રવૃતિ કરતી બિનરાજકિય સ્વયંસેવકોની વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ પ્રેરીત 'આનંદની દિવાલ' અને 'તરતું પુસ્તકાલય' લાયબ્રેરીનો શુભારંભ કાર્યક્રમ તા.૧૨મી સપ્ટેમ્બર શનિવારના રોજ યોજાશે. આ કાર્યક્રમ અનુસાર સવારે ૯ કલાકે કોલવડા ચોકડી નજીક જોગણી માતાના મંદિર પાસે અને ૯.૧૦ કલાકે ન્યુ વાવોલ વિસ્તારમાં ગુડા ડ્રેનેજ સંપ સ્ટેશન પાસે એમ કુલ બે 'આનંદની દિવાલ'નું લોકાર્પણ યોજાશે. આ પછી વાવોલ ગામમાં સુર્યા સીનેમાની બાજુમાં શનિદેવ મંદિર ખાતે ૯.૩૦ કલાકે 'તરતું પુસ્તકાલય' લાયબ્રેરીનો શુભારંભ કરવામાં આવશે. ત્રણેય લોકાર્પણ વાવોલના પૂજનીય સંત રામધામના મહંત શ્રી મધુસુદનદાસજીના વરદ હસ્તે યોજાશે. કાર્યક્રમમાં સોશ્યલ ડિસ્ટન્સ સાથે માસ્ક સહિતની કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરાશે.

અકસ્માતમાં ઘાયલ થયેલી યુવતીને મદદ કરી પોલીસે 'પ્રજાની મિત્ર' હોવાનો પુરાવો આપ્યો

ગ-માર્ગ પર સ્કૂટર સ્લીપ ખાઈ જતાં ઘાયલ થયેલી યુવતીને ત્રણ ટ્રાફિક કર્મીઓએ તેમની વાનમાં સિવિલ હોસ્પિટલ લઈ જઈ સારવાર અપાવી : યુવતી નાની બહેનને પરીક્ષા માટે મૂકવા જઈ રહી હતી

ગાંધીનગર, તા.૧૧

પોલીસ માત્ર દંડ ફટકારે છે કે દંડ વસૂલે છે તેવી જો આપની માન્યતા હોય તો તે ભૂલ ભરેલી છે. અવાર નવાર પોલીસ ખાતા દ્વારા પોલીસ પ્રજાના મિત્ર હોવાની જાહેરાતો કરવામાં આવે છે તેને ગાંધીનગરના બે ટ્રાફિક પોલીસ કર્મીઓએ તાજેતરમાં એક યુવતીની અકસ્માત સમયે મદદ કરી સાચી ઠેરવી છે. ગાંધીનગરના ગ માર્ગ પર ગત સોમવારે સવારે એક યુવતીનું સ્કૂટર સ્લિપ થઈ જવાને કારણે સર્જાયેલા અકસ્માતમાં ઘાયલ થયેલી યુવતીને ટ્રાફિક પોલીસે હોસ્પિટલ પહોંચાડી સારવાર અપાવવા સુધીની મદદ કરી હતી.

ગાંધીનગરમાં ગત સોમવારે ગ માર્ગ પરથી સે.૨માં રહેતી તૃષા પુરાણી નામની યુવતી પોતાના સ્કૂટર પર નાની બહેન રિદ્ધિને સેક્ટર-૧ પની સરકારી કોલેજમાં એમએની પરીક્ષા હોવાથી મુકવા જઈ રહી હતી. માર્ગમાં સેકટર ૧૨-૧૩ની ચોકડી ગ-૩ ખાતે તેમની આગળ જઈ રહેલી કારના ચાલકે ટ્રાફિક સિગ્નલની લાઈટ લાલ થઈ જવાને કારણે બ્રેક મારી હતી જેના કારણે તૃષાએ પણ પોતાના

સ્કૂટરને અચાનક બ્રેક મારતા વરસાદથી ખરાબ થયેલા માર્ગ પર તેમનું સ્કૂટર સ્લીપ ખાઈ ગયું હતું અને બન્ને યુવતીઓ રોડ પર પછડાઈ હતી. આ અકસ્માતમાં રિદ્ધિને એક હાથની કોણીએ બેઠો માર વાગ્યો હતો જ્યારે તૃષાને હેલ્મેટ પહેર્યું હોવા છતાં પણ ચહેરાના ભાગે ઈજાઓ થઈ હતી અને લોહી વહેવા લાગ્યું હતું. આ સાથે તેને હાથે પગે પણ છોલાઈ જવાથી ઈજાઓ પહોંચી હતી. આ દરમિયાન સિગ્નલ ખુલી જતાં બાકીનો વાહન વ્યહવાર શરૂ થઈ જતાં બન્ને યુવતીઓએ પોતાના પિતા ગૌતમભાઈ પુરાણીને ફોન કર્યો હતો. ગૌતમભાઈ તુરંત ઘટનાસ્થળે ધસી ગયા હતા અને તે દરમિયાન ત્યાં આવી પહોંચેલી રિદ્ધિની બહેનપણીઓ રિદ્ધીને વધુ ઈજા ના હોવાથી પરીક્ષા માટે સાથે કોલેજ લઈ ગઈ હતી.

ગૌતમભાઈ હજુ પોતાની દીકરીને થયેલી ઈજાને તપાસીને શું કરવું તે બાબતે અવઢવમાં હતા તે દરમિયાન ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસની એક વાન જે ત્યાંથી પસાર થઈ રહી હતી તેમાંથી ટ્રાફિક કોન્સ્ટેબલ વિજયભાઈ ચૌધરી અને મહિપતસિંહ બારિયા તેમજ ડ્રાઈવર નાગજીભાઈ દેસાઈ ઉતરીને આવ્યા હતાં અને ઘટનાની વિગતો પૂછી ત્યાર બાદ તુરંત જ તૃષા તથા તેના પિતા ગૌતમભાઈને ટ્રાફિક વાનમાં બેસાડીને સિવિલ હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગમાં પહોંચી ગયા હતા જ્યાં તૃષાને સારવાર આપવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન તૃષાના ભાઈ દર્શન પુરાણી પણ સિવિલ હોસ્પિટલ આવી પહોંચ્યા હતા. આ દરમિયાન ત્રણેય પોલીસકર્મીઓએ સ્ટ્રેચર લાવવાથી માંડીને કેસ કઢાવવા સુધીની તેમજ જલ્દીથી સારવાર મળે તે માટે તમામ મદદ કરી હતી અને તૃષાના હેલ્મેટ સહિતની ચીજવસ્તુઓની સંભાળ રાખવા સાથે કેસની તમામ પ્રક્રિયા પૂરી કરવામાં મદદ કરી હતી જે નિહાળીને ગૌતમભાઈ પુરાણી ગદગદિત થયા હતા અને તેમનો આભાર માન્યો હતો. તૃષાને નાકમાંથી ખૂબ લોહી નીકળતું હતું તેને ડ્રેસિંગ કર્યા બાદ બોટલ ચઢાવવામાં આવી હતી હોઠ ઉપર ત્રણ ટાંકા લેવા પડ્યા હતા આ પછી તેને સિટી સ્કેન કરવા માટે ધોળેશ્વર રોડ પરની એસએમવીએસ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવી હતી જ્યાં તેનો સિટી સ્કેન રિપોર્ટ નોર્મલ આવતા સાંજે રજા આપી દેવામાં આવી હતી. તૃષાને મદદ કરનાર ટ્રાફિક કોન્સ્ટેબલ વિજયભાઈ ચૌધરીએ બીજા દિવસે પણ દર્શન પુરાણીને ફોન કરીને તૃષાની તબિયતના સમાચાર પૂછ્યા હતા. પોલીસના આવા માનવીય અભિગમ અને ત્વરિત મદદ કરવાની ભાવનાથી સમગ્ર પુરાણી પરિવાર અભિભૂત થયો છે અને 'પ્રજાના સાચા મિત્ર' બનવા માટે ત્રણેય પોલીસકર્મીઓનો તેમણે આભાર માન્યો હતો.

શહેરના પડતર પ્રશ્નો અંગે વસાહત મહાસંઘ આવેદનપત્ર આપશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરના પ્રશ્નો અને લોક સમસ્યાના નિવારણ અર્થે જનતા રેડ આંદોલન કરી તમામ સેકટરના વસાહતીઓના ઘર આંગણે જઈ તેમને વેઠવી પડતી મુશ્કેલીઓ વિશે ચર્ચા કરી નોંધ લેવામાં આવી હતી. આ ઉપરાંત સે-૧૬, ૨૩ તથા ૨૧ના ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરના વપારી અગ્રણીઓએ પણ સંસ્થા સમક્ષ પોતાના પ્રશ્નોની રજુઆત કરી હતી.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલા આ બાબતે વાત કરતા જણાવે છે કે નગરજનોના તમામ પ્રશ્નો વિશે તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ માનનીય મુખ્યમંત્રી કલેકટરશ્રી તથા કમિશ્નરશ્રીને આવેદનપત્ર આપવામાં આવશે.

ચિરવિદાય

- સ્વ. હંસાબેન હસમુખલાલ સોની, ઉ.વ. ૬૬, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. જેબરબેન વેરશીભાઈ દેસાઈ, ઉ.વ. ૧૦૩, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. રાઠોડ કલ્યાણભાઈ મુળજીભાઈ, ઉ.વ. ૭૪, પેથાપુર, તા. ગાંધીનગર